GJVD020305682023

# વડોદરાના મે. ૨૭માં એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ (આર.કે.ત્રીવેદી) સાહેબ ની કોર્ટમાં, વડોદરા.

આંક :

**ફરિયાદી : શ્રી સરકાર**

**: : વિરૂધ્ધ : :**

**આરોપી :- વિજયભાઈ જગાભાઈ ભરવાડ**

**ગુન્હા :** જી.પી.એકટની કલમ-૯૦(ક)મુજબ.

## ચૂ કા દો

**૧.** ફરિયાદપક્ષે આરોપી વિરૂધ્ધ જી.પી.એકટની કલમ-૯૦(ક) મુજબના ગુનાનુ ચાર્જશીટ રજુ કરેલ છે.

**૨.** આરોપીને ધોરણસર સમન્સની બજવણી થતાં તેઓએ આજ રોજ કોર્ટ રૂબરૂ હાજર થતા, તેઓને પોલીસ પેપર્સની નકલો આપી, આ ગુનો સ્વૈચ્છાએ કબુલાત કરવા માંગે છે, તેમ જણાવી તે અંગે કબુલાત પુરસીસ રજુ કરતાં, આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે, જેમાં આરોપીએ સ્વૈચ્છાપૂર્વક ગુનાની કબુલાત કરી, કેસનો નિકાલ કરવા માંગતા હોય, તેમજ ભવિષ્યમાં આવો ગુનો ન થાય, તેની કાળજી રાખવાનુ જણાવી રહેમ કરવા રજુઆત કરેલ છે. વધુમાં આરોપી આજરોજ અદાલત સમક્ષ હાજર થઇ પોતે સ્વેચ્છાપુર્વક સદર ગુનો કબુલ કરી અને પોતાનો પ્રથમ ગુનો હોય અને ભવિષ્યમાં ગુનો કરશે નહી તેવી ખાત્રી આપી રહેમ કરવા રજુઆત કરેલ છે. અત્રેની અદાલતે તેઓને સજાની જોગવાઈ અંગે સમજાવવા છતાં તેમજ કબુલાત કરવા બંધાયેલ નથી તેવી સમજ આપવા છતાં સ્વેચ્છાપુર્વક ગુનો કબુલ કરેલ છે અને પોતાનો પ્રથમ ગુનો હોય અને પોતે ભવિષ્યમાં ગુનો નહી કરે તેની ખાત્રી આપી રહેમ કરવા રજુઆત કરેલ છે.આરોપની રજુઆત તથા કબુલાત ધ્યાને લેતાં તેમજ ઉપરોકત કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતના લક્ષમાં લેતાં આરોપી હળવી સજા કરી સુધરવાની તક આપવાથી

ન્યાયનો હેતુ જળવાય તેમ હોય, આરોપીની કબુલાત, આરોપીઓની આર્થિક–સામાજિક સ્થિતિ તેમજ કેસના વિશિષ્ટ સંજોગો વિગેરે હકીકતો ધ્યાને લેતા, ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

૩. વધુમાં નામદાર ગુજરાત વડી અદાલતે **૨૦૦૫ (૧) જી.એલ.આર. ૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવર હરચંન્દ્રજી ઠાકોર**ના કેસમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલો છે કે, જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ નીચેની અદાલતને કાયદામાં કરેલ લઘુત્તમ જોગવાઈ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે અને સદરહુ ચુકાદાનાં પાના નં– ૭૨૧ ઉપર પેરા–૨૧ માં જે કારણો જણાવેલ છે તે ધ્યાને લેતા ઉપરોકત ચુકાદો આરોપીઓના કેસને મદદરુપ થતો હોઈ તેમ જણાય છે. જેથી આરોપીઓની સ્થિતિ અને સંજોગોને ધ્યાને લઈ કાયદાએ સુચવેલ ન્યુનતમ સજા કરતા ઓછી સજા કરવા માટેનાં વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે. જેથી ઓછામાં ઓછી સજા અને દંડ કરવો જોઈએ. તેમ હું નમ્ર પણે માનુ છુ અને સજા અંગે આરોપીઓને સાંભળ્યા બાદ ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

**હુ ક મ**

આ કામના આરોપી **વિજયભાઈ જગાભાઈ ભરવાડ**નાઓને ક્રિ.પ્રો. કોડની કલમ–૨૫૨ અન્વયે જી.પી.એકટની કલમ–૯૦(ક) મુજબ સજાને પાત્ર ગુનામાં તકસીરવાર ઠરાવી આરોપીને રૂા.૧૦૦/– (અંકે રૂપિયા સો પુરા) નો દંડ, જો દંડ ના ભરે તો દિન–૦૧ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

સદર હુકમ આજરોજ તા.૦૯ મી, માસ–સપ્ટેમ્બર, વર્ષ –૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.જી. વડોદરા **(રચિત કમલેશભાઈ ત્રિવેદી)**
તારીખ : ૦૯/૦૯/૨૦૨૩ (CODE No. GJ 01216 )
**પાવતી નં.** ૨૭માં એડી. ચીફ જ્યુડી. મેજી.
**દંડ રૂા.** **વડોદરા**
**તા.૦૯/૦૯/૨૦૨૩** **નાઝર**